ISSN: 2319-202X

# કન્યા કેળવણી અંગે શિક્ષકોના અભિપ્રાયો

**અંકુરકુમાર સુભાષચંદ્ર જોષી**
પીએચ.ડીસ્કોલર, વીર નર્મદ ગુજરાત ગુજરાતયુનિ.સુરતમો: 9909200764
**ડૉ. ભાવેશઆઈ. રાવલ**
આચાર્ય, શ્રીમહાવીરવિદ્યામંદિરટ્રસ્ટબી.એડ. કૉલેજ,સુરત
મો: 9428020168, Email : ravalb09@gmail.com

કુદરતના ખોળે જન્મેલો માનવી કુદરતની અનિશ્ચિતતાઓ આગળ લાચાર છે. છતાં માનવે યુગે યુગે પલટાતી પરિસ્થિતિમાં ઉદભવતી સમસ્યાઓનું નિરાકરણકર્યુંછે. તેમજ જરૂરિયાતો સંતોષી છે. મુઠ્ઠી જેવડા મગજમાં બ્રહ્માંડને આશરો આપનાર માનવી ચંદ્રઅને અંતરિક્ષ સુધી પ્રયાણ કરી ચૂક્યો છે.

વ્યક્તિના વિકાસનું પ્રથમ સોપાન શિક્ષણ છે. વર્તમાન સમયમાં શિક્ષણ અનિવાર્ય છે. શિક્ષણ પ્રાપ્ત કરવાની તક સહુને એક સરખી મળી છે. દેશના બંધારણની કલમ–45માં '૬ થી ૧૪ વર્ષની વયના બાળકો માટેનું પ્રાથમિક શિક્ષણ મફત ફરજિયાત અને સાર્વત્રિક કરવામાં આવ્યું છે'. આમ છતાં ૧૦૦ ટકા સફળતા પ્રાપ્ત કરી શક્યા નથી. શિક્ષણનો સમાન અધિકાર હોવા છતાં આજે પુરુષની સરખામણીએ સ્ત્રી શિક્ષણ દેખીતી રીતે ઓછું છે. એ બાબત ૨૧મી સદીમાં શરમ ઉપજાવે તેવી છે. સ્ત્રીએ સંસાર રથનું પૈડું છે તેમાં શિક્ષણની ખોટ રહી જાય એ કેમ ચાલે ?

મનુસ્મૃતિમાં કહેવાયું છે કે–' યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા ' અર્થાત જ્યાં નારીનું પૂજન થાય છે, ત્યાં દેવોનો વાસ થાય છે. સ્ત્રીને પ્રાચીન સમયમાં શક્તિ, લક્ષ્મી અને વિદ્યાનું પ્રતિક માનવામાં આવતું હતું. એક શિક્ષિત માતા સો શિક્ષકોની ગરજ સારે છે. સ્ત્રી સમાજને બદલવા શક્તિમાન છે, પરંતુ પહેલી શરત એ છે કે તે શિક્ષિત હોવી જોઈએ. પટેલએ. '**ગાંધીજીનું શિક્ષણ દર્શન એમના જ શબદોમાં**' પુસ્તકમાં ગાંધીજીના ઉદગાર નોંધ્યા છે તેમુજબ–'બહેનોના ઉદ્ધાર માટે કેળવણી સૌથી વધારે પ્રબળ સાધન છે.' જે સોટકાસાચું છે. આમ સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ અનન્ય છે. સ્ત્રીઓ શિક્ષિત હશે તો સમાજ એની મેળે પ્રગતિ સાધશે. ગૃહ વિકાસ, માનવીય ગુણો અને ચારિત્ર્ય ઘડતર માટે સ્ત્રી શિક્ષણ જરૂરી છે. ગુજરાત રાજ્યમાં ૭વર્ષથી અમલમાં આવેલ ‘કન્યા કેળવણી’ અભિયાનમાં પણ આપણાં પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી દીકરીને ભણાવવા પર ભાર આપતા જણાવે છે કે – 'હું ભિક્ષા માગવા આવ્યો છું. હું સલાહ આપવા નથી આવ્યો પણ આવતી કાલનું ભવિષ્ય માગવા આવ્યો છું' તેઓ **કેળવે તે કેળવણી** પુસ્તકમાં કહે છે કે–'હું ભિક્ષુક છું ભિક્ષામાં મને દીકરી ભણાવવાનું વચન આપો'

સાચા અર્થમાં સ્ત્રી શિક્ષણ એ દુનિયાની સરખામણીએ ભારતમાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ઓછું જોવા મળે છે પરિણામે વિકસિત દેશોની સરખામણીમાં ભારતમાં ગરિબાઇ, અજ્ઞાનતા, શોષણખોરી, બેરોજગારી, અંધશ્રદ્ધા, વહેમ વગેરે સમસ્યાઓ પ્રબળરીતેસમાજમાંજોવા મળે છે. આપણે ભારતને ગમે તેટલુંવિકસિત રાષ્ટ્રના રૂપમાં તૈયાર કરવા મથીશું પરંતુ સ્ત્રીનું શિક્ષણ જ્યાં સુધી ઓછું હશે ત્યાં સુધી પરિણામ તો એવું જ આવશે કે પક્ષી ઊંચે ઉડવા, ફરવા ઝંખે છે પરંતુ તેની પાંખો તો તૂટી ગઈ છે.
સ્ત્રી શિક્ષણના વિકાસને જોઇએ તો ઈ.સ ૧૮૫૪માં વૂડના ખરીતાએ,સન 1882માંહંટર કમિશને સ્ત્રી શિક્ષણની હિમાયત કરી હતી. અને અનુદાનની પણ જોગવાઈ કરી આપીહતી. ભારતના મહાન સમાજસુધારક રાજા રામમોહનરાયએ પણ કન્યા કેળવણી માટેઅથાક પ્રયત્નો કર્યા. આઝાદી પછી પણ કન્યા શિક્ષણ પર ગાંધીજીની દેખરેખ હેઠળવિવિધ કાર્યક્રમો થયા. આ ઉપરાંત પંચવર્ષીય યોજનાઓમાં પણ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવામાં આવ્યું.ઈ.સ. ૧૯૫૭માં પણ નેશનલ કાઉન્સિલ ફોર વિમેન એજ્યુકેશનની અલગ સમિતિ બની ૧૯૬૪–'૬૬માં કન્યા કેળવણી માટે કોઠારી પંચની નિમણૂક કરવામાં આવી અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬માં પણ કન્યાના શિક્ષણ પર ભાર મુકાયો છે. કન્યા કેળવણીમાં વિકાસ માટે ઘણા પ્રયત્નો હાથ ધર્યા છતાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ સંતોષકારક રીતેવધ્યુંહોયતેવુંજણાતું નથી.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં શિક્ષણનો વિચાર થવા લાગ્યો છતાં પણ વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં અર્ધનિરક્ષરોમોટીસંખ્યામાં ભારતમાં છે. સાક્ષરતામાં વધારો થયો છે પણ વસ્તી વધારો નડતર રૂપ બન્યો છે . ઈ.સ ૨૦૧૫–'૧૬ ની વસ્તીગણતરી પ્રમાણે ભારતમાં સ્ત્રી સાક્ષરતા પ્રાથમિક કક્ષાએ ૧૦૦.૭ ટકા અને ઉચ્ચપ્રાથમિકકક્ષાએ ૯૭.૬ ટકા અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૫૬.૪ ટકા નોધાયું છે.

ગુજરાતમાં કન્યા કેળવણીના અભિયાન માટે આપણાં પ્રધાનમંત્રીએ કેળવણીને લોક–આંદોલનમાં ફેરવ્યુછે. કન્યા શિક્ષણ માટે અવિરત પ્રયાસો કર્યા અને કન્યા શિક્ષણને વેગ આપવા અને તેનો વિકાસ કરવા અસરકારક યોજનાઓ અમલમાં આવી જેમાં કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, શાળાપ્રવેશોત્સવ, મીનાપંચ, એન.પી.એલ, કન્યા કેળવણી નિધિ જેવા કાર્યક્રમો અમલમાં મૂક્યા છે આ યોજનાઓનો હેતુ વધુમાં વધુ કન્યાઓ નિશાળે જતી થાય અને શિક્ષણ મેળવતી થાય. પરંતુ આ બધા પ્રોત્સાહન હોવા છતાં પણ ગુજરાત સ્ત્રી સાક્ષરતામાં ૧૫માં ક્રમે(સમગ્ર દેશમાં) છે. આજે ગુજરાતમાં ૩૮ ટકા લોકો શહેરમાં વસે છે શહેરી વસવાટને કારણે શિક્ષણની સુવિધા છોકરા અને છોકરીઓને સ્વાભાવિક રીતે ઉપલબ્ધ બને છે. ગ્રામ્ય સ્તરે હજુ પણ છોકરાઓની તુલનાએ છોકરીઓ પ્રવેશથી વંચિત રહી જાય છે. વર્ષ: ૨૦૧૪ મુજબ ધોરણ ૧ થી ૫ માં ભણતા કુલ વિદ્યાર્થીઓમાં છોકરીઓનુ પ્રમાણ ૯૭.૨ ટકા હતું અને

ધોરણ ૬ થી ૮માં ૯૧.૭ ટકા અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ૭૩.૪ ટકા નોધાયું છે. ધોરણ ૧ થી ૮માં ભણતી છોકરીઓના સંદર્ભમાં ગુજરાત સમગ્ર દેશમાં ૨૬માં ક્રમે હતું. તેનો અર્થ એ થયો કે કુલ ૨૮ રાજ્યોમા માત્ર ૨ રાજ્યો આપણાંથી પાછળ હતા પ્રસ્તુત અભ્યાસમાં સુરત જિલ્લામાં વર્ષ: ૨૦૧૧માં સ્ત્રી સાક્ષરતા ૮૩.૪૪ ટકા હતી.

આ સાક્ષરતા વૃદ્ધિનું સૂચક છે સરકાર તરફથી અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે તેની શહેરી વિસ્તારમાં કન્યા કેળવણીના કાર્યક્રમોથી કન્યા કેળવણીમાં કેવો વિકાસ થયો છે? તે જાણવા પ્રસ્તુત સમસ્યા પસંદ કરવામાં આવેલ છે.

**સંશોધનના હેતુઓ**

1) પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણી કાર્યક્રમો સંદર્ભે થયેલા કાર્યોવિશેજાણવું.
2) કન્યા કેળવણી કાર્યક્રમો સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા.
3) શાળામાં કન્યા કેળવણીનું પ્રમાણ જાણવું.

**સંશોધનનાપ્રશ્નો**

1) પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણી કાર્યક્રમો અંતર્ગત કયા કયા કાર્યો થયા છે?
2) કન્યા કેળવણી કાર્યક્રમો સંદર્ભે શિક્ષકો કેવા અભિપ્રાયો ધરાવે છે?
3) પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણીનું પ્રમાણ કેવું છે?

**સંશોધનનું મહત્વ**

1) શાળાઓમાં કન્યા કેળવણીનું પ્રમાણ જાણવા ઉપયોગી થશે.
2) કન્યા કેળવણી સંદર્ભે થયેલા કાર્યોની સફળતા વિશે જાણી શકાશે.
3) કન્યા કેળવણી સંદર્ભે શિક્ષકોના અભિપ્રાયો ઉપયોગી થશે.
4) આ અભ્યાસ શૈક્ષણિક ક્ષેત્ર માટેવ્યૂહરચનાઘડવા ઉપયોગી થશે.
5)વિવિધ કાર્યક્રમોના આયોજનમાં પ્રસ્તુત સંશોધન ઉપયોગી બનશે.
6) પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા સૌકોઈને ઉપયોગી થશે.

**વ્યાપ વિશ્વ અને નમૂનાની પસંદગી**

બારડોલી તાલુકાની પ્રાથમિક શાળાઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ હતું. જેમાંથી સહેતુક નમૂના પસંદગીની રીતે કુલ પાંચ શાળાઓ પસંદ કરી તેમાંથી 30 શિક્ષકો પાસેથી માહિતી મેળવી હતી.

**સંશોધનના ઉપકરણો**

સંશોધનને અનુરૂપ માહિતી એકત્રિત કરવા માટે સંશોધકે અભિપ્રાયાવલી નો ઉપયોગ કર્યો હતો

**માહિતી એકત્રીકરણની રીત** સંશોધકે શિક્ષકોના અભિપ્રાયો મેળવવા માટે નમૂનામાં સમાવિષ્ટ થતી શાળાઓની રૂબરૂ મુલાકાતે જઈ 30 શિક્ષકોને મળી તેમને અભિપ્રાયાવલી આપી હતી. અને અભિપ્રાયાવલી સમય મર્યાદામાં અને સંપૂર્ણ રીતે ભરેલી પરત મેળવી માહિતી પ્રાપ્ત કરી હતી.

અંકશાસ્ત્રીય પૃથ્થકરણની રીત

માહિતી એકત્રિકરણની બાદ પ્રાપ્ત આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ કરવાનું હોય છે.પ્રાપ્તાંકો પ્રાપ્ત કર્યા પછી સમગ્ર નમૂનાના અભિપ્રાયોનું લિકર્ટની પદ્ધતિ પર વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. અભિપ્રાયાવલીમાં પંચબિંદુ દ્વારા માપન કરવામાં આવ્યુંત્યારબાદ કાઈવર્ગ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો.

સંશોધકે પ્રાપ્ત માહિતી આધારે ટકાવારી, સરેરાશ ગુણભાર પ્રાપ્ત કર્યો હતો. અને અર્થઘટન કરવાનો ઉપક્રમ રાખવામા આવ્યો હતો.

**તારણો**

- કન્યા કેળવણીના કાર્યક્રમો દ્વારા કન્યા કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું છે.
- કન્યા કેળવણીના કાર્યક્રમોથી લોકોમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળ્યું છે.
- વાલીઓ કન્યાને શિક્ષણ આપવા પ્રેરાયા છે.
- કાર્યક્રમોથી લોકોમાં કન્યા કેળવણી માટે જાગૃતિ આવી છે.

**સંદર્ભસૂચિ**

ઉચાટ.ડી.એ.(2000).***સંશોધનની વિશિષ્ટ પદ્ધતિ.***રાજકોટ:વાસુકિ પ્રિંટિંગ પ્રેસ, ગુજરાત રાજ્ય

દવે.આર.(2012).***શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન.***ગાંધીનગર:ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજ્ય

દેસાઇ.ડી અને પટેલ,પી.જે.(1974).***ભારતીય શિક્ષણના વર્તમાન પ્રશ્નો.***અમદાવાદ એ.આર શાહ કંપની ગુજરાત રાજ્ય

પટેલસી.કે.(1966).***પ્રાથમિક શિક્ષણ સમસ્યાઓ.*** અમદાવાદ: ગુર્જર પ્રકાશન, ગાંધીનગર

**" શિક્ષણદર્શન " માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-**

**શ્રી અરવિંદભાઇ એલ મહેતા**

**૫, પ્રીતિડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,**

**સુભાનપુરા, વડોદરા- ૩૯૦૦૨૩**

**૧ વર્ષનું લવાજમ–૧૨૦ રૂ.**

**૩ વર્ષનું લવાજમ–૩૩૦ રૂ.**

**૫ વર્ષનું લવાજમ–૫૫૦ રૂ.**